Race Equality Foundation

# સપોર્ટ બબલ એ શું છે?

**સપ્ટેમ્બર 2020 માં અધતન કરેલ**

સપોર્ટ બબલ ત્યારે હોય છે કે જયારે કોઈ એક વ્યક્તિ એકલી રહેતી હોય (કે જેને ‘સિંગલ એડલ્ટ હાઉસહોલ્ડ’ કહેવામાં આવે છે) અને ગ્રૂપ કે જૂથની રચના કરી, કોઈ એક બીજા પરિવારમાંથી લોકોને મળી અને ગાઢ સંપર્ક રાખે કે જેઓ તેઓની સાથે રહેતા ન હોય. આ સપોર્ટ બબલ બને છે. આવા કોઈ એક સિંગલ એડલ્ટ હાઉસહોલ્ડમાં (પુખ્તવયની એકજ વ્યક્તિનું કુટુંબ) સમાવેશ થઈ શકેઃ

- કોઈ એક એડલ્ટ કે પુખ્તવયની વ્યક્તિ કે જેઓ એકલા રહેતા હોય પણ કેરર્સ મુલાકાતે આવી અને તેઓને મદદરૂપ બનતા હોય, જો, દ્રષ્ટાંત તરીકે, તેઓને ડિમેનશિઆ હોય. આવા કેરર્સ કુટુંબ- પરિવાર, મિત્રો અથવા પગાર- વેતનવાળા કેરર્સ હોઈ શકે.
- કોઈ એક પુખ્તવયની એકલી રહેતી વ્યક્તિ પણ તેમની સાથે બાળકો રહેતા હોય.

હાઉસહોલ્ડસ કેવળ એક સપોર્ટ બબલ હોઈ શકે.

કોઈ એક બીજા નજીકમાં રહેતા હાઉસહોલ્ડ કે ઘરના બધા માણસો સાથે સપોર્ટ બબલમાં હોવુ તે શ્રેષ્ઠ કહેવાય.

તારીખ 14 સપ્ટેમ્બર 2020 થી, તમે જે સપોર્ટ બબલ સાથેના હાઉસહોલ્ડમાં હો તેમાં ફેરફાર કરી ન શકો. તમે હજી પણ તમારા સપોર્ટ બબલને મળી શકો પછી ભલે તેમાં 6 કરતાં વધારે લોકો હોય. સરકારના સપોર્ટ બબલ વિષેના અધતન માર્ગદર્શન અહીંયા છે.

તમે ઘરની બહાર કોઈ જગ્યામાં જુદા જુદા ઘરના માણસોમાંથી 6 લોકો સુધીના જૂથમાં મળવાનું ચાલુ રાખી શકો.

તમે કોઈ પણ જગ્યાએ 2 ઘરના માણસોના જૂથ કે ગ્રૂપમાં મળી શકો – કે જે જાહેર અથવા ખાનગી, ઘરની અંદર અથવા ઘરની બહાર હોય. આ કોઈ એકજ સરખા ઘરના માણસો દરેક વખતે હોવાની જરૂર હોતી નથી. તમારા સપોર્ટ બબલમાં કોઈ પણ વ્યક્તિને એકજ હાઉસહોલ્ડ તરીકે ગણવામાં આવશે.